# દોલાવડી ખાડીમાં ગંદા પાણીના નિકાલ મુદ્દે NGTની કાર્યવાહી

**મોરા** ગ્રામ પંચાયત સહિત અનેક સરકારી સંસ્થાઓને નોટિસ

**૪ અઠવાડિયામાં** જવાબ માંગ્યો, ૨૯ એપ્રિલે આગળની સુનાવણી

### હજારો માછલીઓના મોતની ઘટના સામે આવી હતી

નવેમ્બર ૨૦૨૫માં ફરી ગંદા પાણી છોડાતા ખાડીમાં હજારો માછલીઓના મોત થયાની ઘટના સામે આવી હતી, જેના કારણે મામલો વધુ ગંભીર બન્યો હતો. આ અંગે ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬માં ફરીથી ઉચ્ચ અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી હતી અને ગંદા પાણીનો નિકાલ તાત્કાલિક બંધ કરવા તેમજ હજીરા વિસ્તારમાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) સ્થાપવાની માંગ ઉઠાવવામાં આવી હતી.

સુરતઃ દામકા ગામ પાસે આવેલી દોલાવડી ખાડીમાં વર્ષોથી ગંદા ગટરનાં પાણી છોડવાના ગંભીર મુદ્દે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા કડક વલણ અપનાવી અનેક સરકારી વિભાગો અને સ્થાનિક સંસ્થાઓને નોટિસ પાઠવવામાં આવી છે. આપવામાં આવેલી આ નોટિસમાં વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, જિલ્લા કલેક્ટર કચેરી સુરત, સુરત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (SUDA), હજીરા નોટિફાઇડ એરિયા ઓથોરિટી તથા મોરા ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

દામકા ગામ પાસે પસાર થતી દોલાવડી ખાડીમાં છેલ્લા ઘણા વર્ષોથી મોરા ગ્રામ પંચાયત દ્વારા લાખો લિટર ગંદા ગટરનું પાણી છોડવામાં આવતું હોવાના આક્ષેપો છે. આ ખાડી આગળ જઈ નદીમાં અને ત્યારબાદ ખંભાતના અખાતમાં મળી જાય છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં પર્યાવરણ પ્રદૂષણ ફેલાયું છે. ગંદા પાણીના સતત પ્રવાહને કારણે ખાડી વિસ્તારમાં દુર્ગંધ ફેલાતી રહી છે, જેનાથી સ્થાનિક રહેવાસીઓ લાંબા સમયથી પરેશાન છે. આ પરિસ્થિતિનો સીધો પ્રભાવ ગરીબ માછીમારો પર પણ પડ્યો છે. ખાડીમાં પ્રદૂષણ વધતા માછલીઓની સંખ્યા ઘટી ગઈ છે, જેના કારણે તેમના રોજગાર પર ગંભીર અસર થઈ છે. સાથે જ ખાડીની જળજીવસૃષ્ટિ પર પણ વિનાશક અસર જોવા મળી રહી છે. દામકા ગામના રહેવાસીઓએ વર્ષ ૨૦૨૦ દરમિયાન તથા ત્યારબાદ અનેક વખત જિલ્લા કલેક્ટર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી (ચોર્યાસી) સહિત સંબંધિત કચેરીઓમાં લેખિત રજૂઆતો કરી હતી. છતાંય, કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નહોતી.

અંતે, દામકા ગામના આગેવાનો દીપકભાઈ ધનસુખભાઈ પટેલ (પ્રમુખ, હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી) અને જશવંતભાઈ રણછોડભાઈ પટેલ (માજી સરપંચ, દામકા) દ્વારા NGTમાં અરજી દાખલ કરવામાં આવી હતી.

તા. ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ થયેલી સુનાવણી દરમિયાન NGTએ પર્યાવરણને નોંધપાત્ર નુકસાન થયેલ હોવાનું પ્રાથમિક રીતે માન્ય રાખી તમામ પ્રતિવાદીઓને નોટિસ પાઠવી છે અને ૪ અઠવાડિયામાં જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો છે. આ કેસની આગામી સુનાવણી તા. ૨૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાશે.

# કોંગ્રેસે ઉમરેઠ પેટા ચૂંટણીમાં ભૃગુરાજસિંહને ઉતાર્યા

**ભાજપના** વારસાના કાર્ડ સામે કોંગ્રેસનો અનુભવ કાર્ડ

ગાંધીનગર : આણંદ જિલ્લાના ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ પોતાના ઉમેદવારો જાહેર કરતાં હવે આ બેઠક પર સીધી જંગની સ્થિતિ ઉભી થઈ છે.

ભારતીય જનતા પાર્ટીએ દિવંગત ધારાસભ્ય ગોવિંદ પરમારના પુત્ર હર્ષદ પરમારને ટિકિટ આપી રાજકીય રીતે મોટો દાવ ખેલ્યો છે. પિતાના નિધન બાદ ખાલી પડેલી બેઠક પર સહાનુભૂતિ અને યુવા ચહેરાનો સંયોજન ઉભું કરીને ભાજપે મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે.હર્ષદ પરમાર લાંબા સમયથી ભાજપના સંગઠનમાં સક્રિય રહ્યા છે અને ખેતી તથા સમાજસેવા સાથે જોડાયેલા છે. સ્થાનિક સ્તરે મજબૂત પકડ અને જ્ઞાતિગત સમીકરણોને ધ્યાનમાં રાખીને ભાજપે તેમને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટી કાર્યકર્તાઓમાં આ નિર્ણયને લઈ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભાજપના આ દાવ સામે કોંગ્રેસે પણ અનુભવી નેતા ભૃગુરાજસિંહ ચૌહાણને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ ઉમરેઠ તાલુકા પંચાયતના 2000થી 2015 સુધી ત્રણ ટર્મ પ્રમુખ રહી ચૂક્યા છે અને સંગઠનમાં મજબૂત પકડ ધરાવે છે.કોંગ્રેસે અનુભવ અને સ્થાનિક જોડાણના આધારે ભૃગુરાજસિંહ ચૌહાણને પસંદ કરીને ભાજપના સહાનુભૂતિ કાર્ડ સામે મજબૂત પડકાર ઊભો કરવાનો પ્રયાસ કર્યો છે.

# હજારો ગરીબ બાળકો માટે ખાનગી શાળાના દરવાજા ખૂલ્યા

**સુરતમાં** RTE પ્રવેશ પ્રક્રિયામાં ૪થી ૧૭ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરાશે

**શહેરમાં** 13,284 અને ગ્રામ્યમાં 3,597 બેઠક ઉપલબ્ધ

### સેલ્ફ ડિક્લેરેશન ફરજિયાત

જેઓ પાસે PAN કાર્ડ નથી અથવા આવકવેરો ભરતા નથી, તેવા વાલીઓએ પોતાની આવક કરપાત્ર નથી તે અંગેનું સેલ્ફ ડિક્લેરેશન ફરજિયાત રીતે ફોર્મ સાથે અપલોડ કરવાનું રહેશે. આ માટે નમૂનાનું ફોર્મ વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

### નોટોરાઈઝડ ભાડા કરાર સ્વીકારવામાં આવશે નહીં

પ્રવેશ પ્રક્રિયામાં રહેઠાણનો પુરાવો મહત્વનો ભાગ છે. આધાર કાર્ડ, પાસપોર્ટ, વીજળી બિલ, પાણી બિલ અને મતદાર ઓળખપત્ર માંથી કોઈ એક માન્ય ગણાશે. જો આ પૈકી કોઈ દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય, તો રજિસ્ટર્ડ ભાડા કરાર માન્ય રહેશે. જોકે, નોટોરાઈઝડ ભાડા કરાર સ્વીકારવામાં આવશે નહીં.

સુરત : આર્થિક રીતે નબળા અને વંચિત વર્ગના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે હેતુથી 'રાઈટ ટુ એજ્યુકેશન (RTE)' હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટેની પ્રક્રિયા આવતીકાલે ૪ એપ્રિલથી શરૂ થઈ રહી છે. આ યોજના અંતર્ગત ખાનગી શાળાઓમાં ૨૫ ટકા બેઠકો પર વિનામૂલ્ય પ્રવેશ આપવામાં આવે છે, જેનાથી હજારો પરિવારોને મોટી રાહત મળે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મળીને કુલ 16,881 બેઠકો ઉપલબ્ધ છે. જેમાં શહેરની 966 ખાનગી શાળાઓમાં 13,284 બેઠકો અને ગ્રામ્યની 390 શાળાઓમાં 3,597 બેઠકો સામેલ છે.

વાલીઓને RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે ૪ એપ્રિલથી ૧૭ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન સત્તાવાર વેબસાઈટ પર જ ઓનલાઈન અરજી કરવી પડશે. ફોર્મ સાથે જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને અપલોડ કરવાનું રહેશે. મહત્વપૂર્ણ બાબત એ છે કે ઓનલાઈન ભરેલ ફોર્મ ક્યાંય જમા કરાવવાની જરૂર નથી. સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ ડિજિટલ છે. વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૬ લાખ સુધી હોવી જોઈએ. બાળકની ઉંમર ૧ જૂન, ૨૦૨૬ સુધી ૬ વર્ષ પૂર્ણ થયેલી હોવી જોઈએ. આ માપદંડોને પૂર્ણ કરનાર બાળકોને જ આ યોજના હેઠળ પ્રવેશ મળી શકે છે. RTE યોજના દ્વારા ખાનગી શાળાઓમાં ગરીબ વર્ગના બાળકોને પ્રવેશ આપવાથી શિક્ષણમાં સમાનતા લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સુરત જેવા શહેરમાં મોટી સંખ્યામાં બેઠકો ઉપલબ્ધ હોવાને કારણે આ વર્ષે વધુ પરિવારોને તેનો લાભ મળવાની શક્યતા છે.

# તલંગપુરમાં નહેરમાં ડૂબી જતા ચાર વર્ષની બાળકીનું મોત

**મમ્મી** આજ મેરે લિયે સેવૈયા બનાના, મેં ખેલને જા રહી હું, કહીને નીકળેલી બાળકી નહેરમાં પડી

સુરતઃ સચિન તલંગપુરમાં નહેરના પાણીમાં ડૂબી જતા ચાર વર્ષની બાળકીનું મોત કરુણ મોત નિપજ્યું હતું. 'મમ્મી આજ મેરે લિયે સેવૈયા બનાના, મેં ખેલને જા રહી હું,' કહીને રમવા માટે ગયેલી બાળકી નહેરમાં મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની પ્રદીપભાઈ વર્મા હાલ સચિન તલંગપુર વિસ્તારમાં આવેલી શિવાંજલી સોસાયટીમાં પત્ની અંકિતા તેમજ 4 વર્ષની પુત્રી આરાધ્યા સાથે રહે છે અને એમ્બ્રોઈડરી ખાતામાં નોકરી કરે છે. ગુરુવારે સાંજે તેઓ નોકરી પર હતાં ત્યારે તેમની પુત્રી આરાધ્યા તેની માતાને કહ્યું કે, 'મમ્મી આજ મેરે લિયે સેવૈયા બનાના, મેં ખેલને જા રહી હું,' એમ કહીને રમવા માટે ચાલી ગઈ હતી અને તેની માતા તેના માટે સેવૈયા બનાવી રહી હતી. દરમિયાન આરાધ્યા રમતા રમતા ઘરની સામે આવેલ નહેરના પાણીમાં પડી ગઈ હતી. સાંજે 8 વાગ્યાના સુમારે તેના પિતા નોકરી પરથી ઘરે આવ્યા હતા. ત્યારે આરાધ્યા નહીં દેખાતા પરિવારે તેની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે અડધો કલાકની શોધખોળ બાદ તે નહેરમાંથી બેભાન હાલતમાં મળી આવી હતી.

# ડ્રાઈવિંગ ટેસ્ટ પૂર્ણ થતાની સાથે જ પરિણામ મળી જશે

**રિવર્સ,** પાર્કિંગ, અને ટર્નિંગ પર નજર રાખવા ટેસ્ટ ટ્રેક પર 18થી વધુ હાઇ-ટેક કેમેરા

**સુરતમાં** AI આધારિત ડ્રાઇવિંગ ટેસ્ટ ટૂંકમાં શરૂ થઇ જશે

### ગેરરીતિ અટકાવવા માટેના કડક નિયમો

વાહન વ્યવહાર કમિશનર કચેરી દ્વારા નવી સિસ્ટમમાં અમુક મર્યાદાઓ નક્કી કરવામાં આવી છે જેથી એજન્ટો અથવા ભાડે વાહન આપતા લોકોની દખલગીરી ઘટશે. વાહન ઉપયોગની મર્યાદા નક્કી કરવામાં આવી છે. એક જ વાહનનો ઉપયોગ દિવસમાં વધુમાં વધુ 3 ટેસ્ટ માટે જ કરી શકાશે. એક વાહન મહિનામાં માત્ર 5 વખત જ ટેસ્ટ માટે વાપરી શકાશે. આનાથી ટેસ્ટ ટ્રેક બહાર ચાલતા 'વાહન ભાડા'ના વ્યવસાય પર રોક લાગશે અને ભ્રષ્ટાચાર ઘટશે.

### નવી શરૂ કરવામાં આવેલી અન્ય સુવિધાઓ

ગુજરાત વાહન વ્યવહાર કમિશનર કચેરી દ્વારા સુરત સહિત રાજ્યભરમાં નીચે મુજબની આધુનિક સુવિધાઓ અને ફેરફારો અમલી બનાવવામાં આવ્યા છે. ફેસલેસ સર્વિસીસ (Faceless Services) માટે લાયસન્સ રિન્યુઅલ, ડુપ્લિકેટ લાયસન્સ, અને એડ્રેસ ચેન્જ જેવી ઘણી સેવાઓ હવે ઓનલાઈન ઉપલબ્ધ છે, જેના માટે આરટીઓ ધક્કા ખાવાની જરૂર રહેતી નથી. માત્ર સુરત જ નહીં, પણ રાજ્યની તમામ મોટી RTO માં તબક્કાવાર આ AI વીડિયો એનાલિટિક્સ ટેકનોલોજી લાગુ કરવામાં આવી રહી છે, જેથી ડ્રાઇવિંગ સ્કીલનું સચોટ પરીક્ષણ થઈ શકે.ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમમાં લાયસન્સ ટેસ્ટ માટેની એપોઈન્ટમેન્ટ સિસ્ટમને વધુ પારદર્શક બનાવવામાં આવી છે જેથી વેઇટિંગ પિરિયડ ઘટાડી શકાય.

સુરતઃ સુરત આરટીઓ હવે સંપૂર્ણપણે ડિજિટલ અને AI સજ્જ બની રહ્યું છે. આ નવી સિસ્ટમથી માત્ર એવા જ ચાલકોને લાયસન્સ મળશે જે ખરેખર ડ્રાઈવિંગમાં કુશળ છે, જે અંતે રોડ અકસ્માતો ઘટાડવામાં મદદરૂપ થશે. જો તમે ટેસ્ટ આપવા જઈ રહ્યા હોવ, તો હવે તમારે ડ્રાઈવિંગના તમામ નિયમો (જેમ કે સીટ બેલ્ટ, ઈન્ડિકેટરનો ઉપયોગ વગેરે) માં ખૂબ જ ચોકસાઈ રાખવી પડશે.

સૂત્રોના જણાવ્યા મુજબ સુરત આરટીઓ (પાલ) ખાતે AI આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ સિસ્ટમ હવે સંપૂર્ણપણે કાર્યરત થવાના આખરી તબક્કામાં છે. ફેબ્રુઆરી 2026 થી આ સિસ્ટમનો ટ્રાયલ રન શરૂ કરવામાં આવ્યો છે. અગાઉ જાન્યુઆરી મહિનામાં ટેકનિકલ અપગ્રેડેશન માટે ટેસ્ટ ટ્રેક થોડા દિવસો માટે બંધ રાખવામાં આવ્યો હતો.

કેમેરા મોનિટરિંગ શરૂ કરવામાં આવ્યું છે. ટેસ્ટ ટ્રેક પર 18 થી વધુ હાઈ-ટેક કેમેરા લગાવવામાં આવ્યા છે. આ કેમેરા અરજદારની દરેક મૂવમેન્ટ (જેમ કે રિવર્સ, પાર્કિંગ, અને ટર્નિંગ) પર નજર રાખે છે.

આ સિસ્ટમથી માનવ હસ્તક્ષેપનો અંત આવશે. આ સિસ્ટમમાં પરિણામ નક્કી કરવામાં કોઈ આરટીઓ અધિકારીનો હસ્તક્ષેપ રહેતો નથી. AI સોફ્ટવેર આપમેળે નક્કી કરે છે કે અરજદાર પાસ છે કે ફેઈલ એ જણાવી દેવાશે. ટેસ્ટ પૂર્ણ થતાની સાથે જ પરિણામ ટ્રેક પાસે લગાવેલા ડિજિટલ સાઈનબોર્ડ પર તાત્કાલિક પરિણામ પ્રદર્શિત કરવામાં આવે છે.

# કૃભકો ઈથેનોલ પ્લાન્ટનું કામ અધૂરું રહેતા ખેડૂતો નિરાશ

**350** કરોડના પ્રોજેક્ટની સાડા ત્રણ વર્ષ બાદ પણ પૂર્ણતા નહીં

**દરરોજ** 2.50 લાખ લીટર ક્ષમતા છતાં ઉત્પાદન શરૂ નહીં થતા તાત્કાલિક કાર્યવાહીની માંગ

સુરત : હજીરા સુરત ખાતે ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શિલાન્યાસ કરાયેલા 350 કરોડના ઈથેનોલ પ્લાન્ટનું કામ આજે પણ અધૂરું હોવાનું મુદ્દો ફરી ઉછળ્યો છે.

આ પ્લાન્ટ રોજ 2.50 લાખ લીટર ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ધરાવતો હોવાનું જાહેર કરાયું હતું, છતાં શિલાન્યાસને સાડા ત્રણ વર્ષ વીતી ગયા બાદ પણ ઉત્પાદન શરૂ ન થવાથી ખેડૂતોમાં અસંતોષ ફેલાયો છે.

આ પ્રોજેક્ટ "અઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત યોજાયેલ સહકારિતા સંમેલનમાં જાહેર થયો હતો અને મકાઈ તેમજ અનાજ આધારિત ઈથેનોલ ઉત્પાદન દ્વારા ખેડૂતોની આવક વધારવાનો મુખ્ય હેતુ દર્શાવવામાં આવ્યો હતો. પરંતુ વર્તમાન સ્થિતિમાં પ્લાન્ટ કાર્યરત ન થતાં ખેડૂતોને અપેક્ષિત લાભ મળતો નથી.

ખેડૂતો દ્વારા મકાઈ અને અન્ય અનાજનું ઉત્પાદન વધારવામાં આવ્યું હોવા છતાં પ્લાન્ટ બંધ હોવાથી બજારમાં યોગ્ય ભાવ મળવામાં મુશ્કેલી ઉભી થઈ છે. આ વિલંબને કારણે ખેડૂતોની આશાઓને આંચકો લાગ્યો હોવાનું જણાવાયું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા આ મામલે કેન્દ્રીય સહકાર મંત્રી અને રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં પ્રોજેક્ટમાં થયેલા વિલંબના કારણોની તપાસ કરી તાત્કાલિક કામ પૂર્ણ કરવાની માંગ સાથે પ્લાન્ટ શરૂ કરવાની સ્પષ્ટ સમયરેખા જાહેર કરવાની પણ વિનંતી કરવામાં આવી છે. ખેડૂતોના હિત સાથે સંકળાયેલા આ પ્રોજેક્ટને વહેલી તકે પૂર્ણ કરી ઉત્પાદન શરૂ થાય તે માટે સરકાર હસ્તક્ષેપ કરે તેવી વ્યાપક માંગ ઉઠી રહી છે.

# આંગણવાડીઓમાં વિદ્યાર્થીઓ માટે હવેથી ફિલ્ડ વર્ક ફરજિયાત

સુરતઃ દેશમાં નાનાં બાળકોના પાયાના શિક્ષણને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) દ્વારા મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું છે. નવી પહેલ મુજબ હવે યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓ માટે આંગણવાડીઓમાં ફિલ્ડવર્ક ફરજિયાત બનાવવામાં આવશે, જેને તેમના ડિગ્રી અભ્યાસક્રમનો અભીન્ન ભાગ બનાવવામાં આવ્યો છે.

તાજેતરમાં યોજાયેલી પમી નેશનલ કોન્ફરન્સ ઓફ ચીફ સેક્રેટરીઝમાં "અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેશનઃ લેઈંગ ધ ફાઉન્ડેશન"વિષય હેઠળ આ નિર્ણય લેવાયો હતો. તેના અનુસંધાને યુજીસીએ દેશભરની યુનિવર્સિટીઓ અને કોલેજોને નજીકની ૭થી ૮ આંગણવાડીને દત્તક લેવા સૂચના આપી છે. આ જોડાણ માત્ર ઔપચારિક નહીં, પરંતુ લાંબા ગાળાનું રહેશે.

જેથી ૩થી ૬ વર્ષનાં બાળકોના શિક્ષણ અને પોષણમાં ગુણવત્તાસભર સુધારો લાવી શકાય. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓએ આંગણવાડીનાં બાળકો સાથે સીધો સંપર્ક સાધીને તેમને શિક્ષણ, પોષણ, જાહેર આરોગ્ય, સામાજિક વ્યવહાર અને માનસિક વિકાસ જેવા વિષયો અંગે માર્ગદર્શન આપવાનું રહેશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સ્થાનિક ચૂંટણીને...

ઠેલાઈ ગુજરાતમાં વસ્તી ગણતરી 5 એપ્રિલથી શરૂ થઈ 19 મે સુધી ચાલવાની હતી. તેમજ 20 એપ્રિલથી ઘર-ઘર જઈને ગણતરી કરવાની કામગીરી શરૂ થવાની હતી. પરંતુ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણીને ધ્યાનમાં રાખીને આ સમગ્ર કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. વસ્તી ગણતરી દરમિયાન નાગરિકોને કુલ 33 પ્રશ્નો પૂછવામાં આવશે. જેમાં ઘર, સુવિધાઓ, પરિવારની માહિતી સહિતના વિવિધ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

### કીમથી ગેસની...

આ મામલે વધુ પૂછપરછ કરતા ટેમ્પા ચાલક રણજીત જેઠારામ જાટ અને જગદીશ ચુનારામ જાટ નામના બે જણાની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન એચ.પી.સી.એલ. કંપનીના ડીલર હીરાલાલ ખેતારામ ચૌધરી પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને તેમણે પોતે જ આ માણસોને એજન્સીમાંથી બોટલ વેચવા મોકલ્યા હોવાની કબૂલાત કરી હતી.

શ્રમિકોમાં એવી ચર્ચા છે કે કેટલાક દુકાનદારો અને એજન્સીઓનું મિલીભગતથી નેટવર્ક ચાલી રહ્યું છે, જેમાં મોટા બોટલમાંથી નાના બોટલમાં જોખમી રીતે રિફિલિંગ કરી ગરીબ પ્રજાને લૂંટવામાં આવી રહી છે. સચિન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, પરંતુ સવાલ એ છે કે આટલા મોટા પાયે ચાલતા કાળાબજારમાં જવાબદારો સામે માત્ર સામાન્ય કાયદાકીય કાર્યવાહી થશે કે પછી તેમનું લાયસન્સ રદ કરીને સબક શીખવવામાં આવશે. શ્રમિક વિસ્તારોમાં ચાલી રહેલી આ ઉઘાડી લૂંટ સામે પુરવઠા વિભાગ અને તંત્ર હવે શું પગલાં લે છે તે જોવું રહ્યું.

### 6 વર્ષની...

ગયાનો કિસ્સો બન્યો હતો. શ્રમિક પરિવારની આ બાળકીને શોધવા પરિવારજનોએ તપાસ કરી પણ ક્યાંય ભાળ ન મળતાં આખરે રાત્રે સાડા દસ વાગ્યે પોલીસને જાણ કરી હતી. એ સાથે જ બનાવની ગંભીરતા પારખી પોલીસે તાબડતોબ ખાસ ટીમ બનાવી સીસી ટીવી કેમેરા ચેક કરવાનો પ્રારંભ કર્યો. જેમાં એક યુવાન બાળકીને કાંખમાં તેડીને જતો જોવા મળ્યો હતો. આ રીતે ચાર જગ્યાએ તે સીસીટીવી કેમેરામાં જોવા મળ્યો હતો. જેથી સીસીટીવી ફૂટેજ વડોદના લોકોને બતાવવાનું શરૂ કર્યું. જેમાંથી બાળકીનું અપહરણ કરનારા યુવાનને એક વોચમેને ઓળખી બતાવ્યો હતો. જેના આધારે પોલીસની એક ટીમ આરોપી સુધી પહોંચી હતી.

બીજી બાજુ વડોદ નજીકના ઝાડી-ઝાંખરા ખુંદવા માટે પાંડેસરા,અલથાણ અને ખટોદરા પોલીસની ટીમે આખી રાત ઉજાગરો કર્યો. એટલે કે રાત્રે 11 વાગ્યાથી સવારે સાડા છ વાગ્યા સુધીની મહેનતના અંતે ઝાડી ઝાંખરામાં બાળકી ઉપર આભ ને નીચે ધરતીની સ્થિતિમાં ઉંઘેલી જોવા મળી હતી. એ સાથે જ પોલીસે હાશકારો અનુભવ્યો હતો.

આરોપીની ઓળખ થયા બાદ તેનો મોબાઇલ નંબર પોલીસને હાથ લાગ્યો હતો. એ સાથે જ પોલીસે આરોપી પ્રદીપ સત્યેન્દ્ર જગતદેવભગત પાલ (ઉ.વ.22, રહેઃ વડોદ, મૂળ રહેઃબિહાર)ને પકડી પાડ્યો હતો. પકડાયેલા આરોપીએ કરેલી કબૂલાત મુજબ આ બાળકી જ્યાં રહે છે તેનાથી 300 મીટરના અંતરે આ યુવાન રહે છે. જેથી અવારનવાર બાળકીને કુરકુરે કે ચોકલેટ આપતો હતો. પરિણામે બાળકીએ તેનો વિરોધ કર્યો નહીં. રડી નહીં. જ્યારે બાળકીનું અપહરણ કર્યું ત્યારે પહેલા કુરકુરે આપ્યું હતું. ત્યાર બાદ રસ્તામાંથી ચોકલેટ ખરીદી આપી હતી. જેને લઈ તે ઝાડી ઝાંખરામાં ગયો હતો. ત્યાં દુષ્કૃત્ય કરવાનો હતો પણ કેટલાક લોકો તેને જોઈ ગયા હોવાથી તે ગભરાઈ ગયો હતો અને બાળકીને ભગવાન ભરોસે છોડી દઈ તે ત્યાંથી નાસી છૂટ્યો હતો.

### કતારગામમાં માત્ર...

આપી હતી. જો કે શારીરિક વેદના સહન નહીં થતાં તેણે સમગ્ર હકીકત માતાને જણાવી હતી. માતાએ પોલીસનો સંપર્ક કરતાં કતારગામ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો.

### વધારે કમાણીની...

આવેલા જલારામ એપાર્ટમેન્ટના બીજા માળે ફ્લેટ નં. ૨૦૧માં મોહમ્મદ જુબેર ગુલામરસુલ શાહ નામનો ઈસમ ડ્રગ્સનો જથ્થો રાખી તેનું છૂટક વેચાણ કરી રહ્યો છે. બાતમી પાકી હોવાની ખાતરી થતા, ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે સરકારી પંચોને સાથે રાખી ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસ કાફલાએ ફ્લેટમાં પ્રવેશતા જ મોહમ્મદ જુબેર (ઉ.વ. ૩૧) ને કોર્ડન કરી તેની અંગઝડતી લેતા પેન્ટના ડાબા ખિસ્સામાંથી ૨૧૪.૭૩૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો નીકળ્યો હતો, જેની બજાર કિંમત આશરે ૬,૪૪,૧૯૦ થાય છે. ઉપરાંત, માલ જોખવા માટે વપરાતો નાનો ડિજિટલ વજનકાંટો અને બે મોબાઈલ ફોન મળી ૬,૫૯,૨૯૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપી મોહમ્મદ જુબેરની પૂછપરછ કરતા તે આ જથ્થો સુરતના શાહપોર વિસ્તારમાં રહેતા એઝાજ ઉર્ફે બાટલા મુસ્તાક ડાયર પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરી છે. એઝાજ બાટલા શહેરના અનેક વિસ્તારોમાં ડ્રગ્સ સપ્લાય કરે છે. ક્રાઈમ બ્રાન્ચે હાલ મોહમ્મદ જુબેર વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે,અને મુખ્ય સપ્લાયર એઝાજને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું છે કે ૩૧ વર્ષીય આરોપી મોહમંદ જુબેર અગાઉ એસી અને ફ્રીજ રિપેરિંગનું કામ કરતો હતો. જોકે, તેમાં પૂરતી કમાણી ન થતા વધુ રૂપિયા મેળવવાની લાલચમાં છેલ્લા બે વર્ષથી તે ડ્રગ્સના વેચાણના રવાડે ચઢી ગયો હતો.

### ભરઉનાળે ગુજરાતમાં...

અને વડોદરામાં 36 ડિગ્રી, રાજકોટ, સુરેન્દ્રનગર અને સુરતમાં 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 34 ડિગ્રી, પોરબંદર, કેશોદ અને મહુવામાં 33 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.કચ્છ વિસ્તારમાં ભુજમાં 31 ડિગ્રી, નલિયા અને કંડલામાં 32 થી 33 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ઉપરાંત ડીસામાં 34 ડિગ્રી અને દમણમાં 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાનની પરિસ્થિતિ અંગે વાત કરીએ તો ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં નીચલા સ્તરે ચક્રવાતી પરિભ્રમણ સર્જાયું છે.

તેમજ પશ્ચિમ વિક્ષેપ (Western Disturbance) હાલ દક્ષિણ અફઘાનિસ્તાન-પાકિસ્તાન વિસ્તારમાં સક્રિય છે, જ્યારે 7 એપ્રિલથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવું પશ્ચિમ વિક્ષેપ અસરકારક બનવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધી ઘટાડો નોંધાઈ શકે છે, ત્યારબાદ ખાસ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

## અનુસંધાન... પાના પહેલાનું

### હોર્મુઝ ખાડી...

આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન અને પારદર્શિતા સુનિશ્ચિત કરી શકાય.

બહેરીન, જેને GCC (ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ) અને જોર્ડનનું સમર્થન છે, તેણે હોર્મુઝની સામુદ્રધુની પર આ પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેના પર શનિવારે ૧૫ દેશોની સુરક્ષા પરિષદમાં મતદાન કરવામાં આવશે. બહેરીન હાલમાં એપ્રિલ મહિના માટે પરિષદનું પ્રમુખપદ સંભાળી રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે આ મુસદ્દાના પ્રારંભિક સંસ્કરણમાં એવી ભાષા હતી જે દેશોને હોર્મુઝની સામુદ્રધુની, ખાડી અને ઓમાનની ખાડીમાં પરિવહન સુનિશ્ચિત કરવા માટે "તમામ જરૂરી માધ્યમોનો ઉપયોગ" કરવાની મંજૂરી આપતી હતી. જોકે, વીટો પાવર ધરાવતા કાયમી સભ્યો રશિયા, ચીન અને ફ્રાન્સે બળપ્રયોગના ઉપયોગનો વિરોધ કર્યો હોવાનું સમજાય છે. હવે અંતિમ ડ્રાફ્ટમાં એવી ભાષા છે કે રાજ્યોને માર્ગ સુરક્ષિત કરવા માટે "માત્ર રક્ષણાત્મક પગલાં" લેવાની સત્તા આપવામાં આવી છે. ભારતે ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન, સાઉદી અરેબિયા, યુકે અને યુએસએ સહિત ૧૩૦ થી વધુ દેશો સાથે મળીને બહેરીનની આગેવાની હેઠળના આ ઠરાવને સહ-પ્રાયોજિત કર્યો હતો.

### અણુ સંચાલિત...

ઓગસ્ટ 2024 માં તેની બીજી સ્વદેશી SSBN, INS અરીઘાતને કાર્યરત કરી હતી. SSBN નો અર્થ 'શિપ સબમર્સિબલ બેલેસ્ટિક ન્યુક્લિયર' અથવા પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન થાય છે.

મહિનાઓના દરિયાઈ પરીક્ષણો પછી INS અરિદમનને કાર્યરત કરવામાં આવી છે. જાણવા મળ્યું છે કે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કેરળમાં એક નૌકાદળ બેઝ પર કમીશનિંગ સમારોહમાં હાજરી આપી હતી. સબમરીનને સેવામાં સામેલ કરવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. સંરક્ષણ મંત્રી સિંહે આજે સવારે હિન્દીમાં એક રહસ્યમય સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે, તે શબ્દો નથી પણ શક્તિ છે, 'અરિદમન'. ભારત પાસે હવામાંથી અને જમીન પરથી પરમાણુ ક્ષમતાઓ સાબિત થયેલી છે, ત્યારે હવે તે તેની પાણીની અંદરની પરમાણુ ક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

### ઇંધણની તંગી વચ્ચે...

બ્રીફિંગોને સંસ્થાકીય બનાવવા, કંટ્રોલ રૂમ અને હેલ્પલાઈન સ્થાપવા અને ઈંધણની ઉપલબ્ધતા વિશે જનતાને આશ્વાસન આપવા માટે ખોટા સમાચારોનો સક્રિયપણે સામનો કરવા પણ સૂચના આપવામાં આવી છે. વર્તમાન ભૂરાજકીય પરિસ્થિતિ હોવા છતાં દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા સરકાર પગલાં લઈ રહી છે ત્યારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે નાગરિકોને પેટ્રોલ અને ડીઝલની ગભરાટમાં ખરીદી તેમજ એલપીજીનું બિનજરૂરી બુકિંગ ટાળવા સલાહ આપી છે અને અફવાઓ સામે ચેતવણી આપતા સત્તાવાર સ્ત્રોતો પર નિર્ભર રહેવા વિનંતી કરી છે. ગ્રાહકોને એલપીજી બુકિંગ માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવા અને જરૂરી ન હોય ત્યાં સુધી ડિસ્ટ્રિબ્યુટરની મુલાકાત ન લેવા પણ કહેવામાં આવ્યું છે. લોકોને પીએનજી, ઈન્ડક્શન અને ઈલેક્ટ્રિક કૂકટોપ જેવા વૈકલ્પિક ઈંધણો અપનાવવા અને દૈનિક વપરાશમાં ઉર્જા બચાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. યુદ્ધની સ્થિતિ હોવા છતાં, સરકારે જણાવ્યું છે કે તેણે હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવી આવશ્યક સેવાઓની સાથે ઘરેલું એલપીજી અને પાઈપ્ડ નેચરલ ગેસને સર્વોચ્ચ અગ્રતા આપી છે.

### પાકિસ્તાનમાં એક...

કે ગયા મહિને પેટ્રોલના વપરાશમાં 8% અને ડીઝલના વપરાશમાં 13%નો વધારો થયો હતો. આ વપરાશને નિયંત્રિત કરવા માટે, ભાવ વધારવામાં આવ્યા હતા.

### CBSEમાં છઠ્ઠા...

ભારતીય મૂળની હોવી જોઈએ. બોર્ડ દ્વારા બહુભાષી શિક્ષણના તબક્કાવાર અમલીકરણના ભાગરૂપે, શૈક્ષણિક સત્ર 2026-27 થી ધોરણ 6થી ત્રીજી ભાષા ફરજિયાત બનાવવામાં આવશે, જે સુનિશ્ચિત કરશે કે દરેક વિદ્યાર્થી ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓનો અભ્યાસ કરે.

અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું કે, જો કે ભાષાઓની આ સમાન યોજના અપનાવવી ઈચ્છનીય છે, પરંતુ વિદેશી શાળાઓમાંથી પરત ફરતા વિદ્યાર્થીઓ માટે, જ્યાં તેમણે ધોરણ 8 કે 9 સુધી ભણેલી ત્રીજી ભાષા સ્થાનિક શાળાઓમાં ઉપલબ્ધ ન હોય, તેવા કિસ્સામાં અપવાદરૂપ સંજોગોમાં માન્ય નિયમો મુજબ મુક્તિ આપી શકાય છે. જો કે, આવા વિદ્યાર્થીઓએ અભ્યાસ યોજનામાં નિર્ધારિત કુલ વિષયોનો અભ્યાસ કરવો જરૂરી રહેશે. શૈક્ષણિક સત્ર 2026-27 થી ગણિત અને વિજ્ઞાનમાં બે-સ્તરની પ્રણાલીની રજૂઆત સાથે મોટો માળખાગત ફેરફાર જોવા મળશે.

### ભારતને ક્રૂડ,...

માર્ગે થાય છે. આ કટોકટીના સમયે રશિયાએ ખાતરી આપી છે કે તેમની કંપનીઓ ભારતને સતત ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) પૂરો પાડવાની ક્ષમતા ધરાવે છે. રશિયાએ વર્ષ 2025ના અંત સુધીમાં ભારતમાં ખાતરના પુરવઠામાં 40 ટકાનો વધારો કર્યો છે અને ભવિષ્યમાં પણ ભારતની જરૂરિયાતો પૂરી કરવા તત્પરતા દર્શાવી છે. બંને દેશોએ વેપાર,

### પાયલોટને શોધવા...

હાલ બચાવ કામગીરી ચાલી રહી છે. પાંચ અઠવાડિયા પહેલા શરૂ થયેલા યુદ્ધમાં આ ઘટના એક નાટકીય વળાંક સમાન છે, કારણ કે આ પ્રથમ વખત છે જ્યારે અમેરિકાએ ઈરાની ક્ષેત્રમાં પોતાનું વિમાન ગુમાવ્યું હોય. જેટને તોડી પાડવામાં આવ્યું હતું કે તે ટેકનિકલ ખામીને કારણે ક્રેશ થયું હતું તે હજુ સ્પષ્ટ થયું નથી. વિમાનમાં સવાર ક્રૂ મેમ્બર્સની ચોક્કસ સંખ્યા પણ હજુ જાણી શકાઈ નથી. વ્હાઇટ હાઉસ, પેન્ટાગોન અને યુએસ સેન્ટ્રલ કમાન્ડે આ બાબતે ટિપ્પણી માટે મોકલવામાં આવેલા અનેક સંદેશાઓનો તાત્કાલિક કોઈ પ્રતિસાદ આપ્યો નથી.

### અબુ ધાબીમાં...

પર કાટમાળ પડવાને કારણે લાગેલી આગના અહેવાલના થોડા કલાકો બાદ આ ઈજાઓની જાહેરાત કરવામાં આવી હતી. મીડિયા ઓફિસે વધુમાં ઉમેર્યું હતું કે, સાત નેપાળી નાગરિકોમાંથી એક ગંભીર રીતે ઘાયલ થયો છે. હવાઈ જોખમના મૂળ અને ચોક્કસ સ્વરૂપનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો, પરંતુ જ્યારે ઈરાન આ ક્ષેત્રમાં ઇઝરાયલ અને અમેરિકાના સંયુક્ત મોરચા સાથેના સશસ્ત્ર સંઘર્ષના ભાગ રૂપે ગલ્ફ રાજ્યો પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું ત્યારે આ હુમલો થયો.

### ઇરાનના માજી વિદેશ...

વોશિંગ્ટને પહેલા સ્વીકાર્યો ન હોત પરંતુ હવે સ્વીકારી શકે છે.

ઝરીફના આ પ્રસ્તાવને કેટલો ગંભીરતાથી લેવાય છે તે હજુ સ્પષ્ટ નથી. જોકે તેમની પાસે ઈરાન સરકારમાં કોઈ સત્તાવાર હોદ્દો નથી, પરંતુ તેમણે સુધારાવાદી રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનને ચૂંટવામાં મદદ કરી હતી અને વરિષ્ઠ નેતાઓની મંજૂરી વિના આવો લેખ પ્રકાશિત કર્યો ન હોત. અત્રે ઉલ્લેખનીય છે કે ઝરીફને ઇરાન વતી પશ્ચિમી દેશો સાથે મંત્રણા કરવાન ઘણો અનુભવ છે.

### મંત્રણાની વાતો...

તેહરાને ઈઝરાયેલ અને તેના પાડોશી ગલ્ફ આરબ દેશો પર સતત દબાણ જાળવી રાખ્યું છે. ગલ્ફના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઈરાનના હુમલા અને હોર્મુઝની સામુદ્રધુની પર તેની મજબૂત પકડને કારણે શેરબજારોમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે અને તેલના ભાવ આસમાને પહોંચ્યા છે. આ દરમિયાન બહેરીનમાં પણ સાયરન વગાડવામાં આવ્યા હતા, જ્યારે સાઉદી અરેબિયાએ દાવો કર્યો હતો કે તેણે ઈરાનના અનેક ડ્રોન તોડી પાડ્યા છે. ઈઝરાયેલે પણ મિસાઈલ હુમલાના અહેવાલો આપ્યા છે. સંયુક્ત આરબ અમીરાત(UAE) માં એક મિસાઈલને હવામાં આંતર્યા બાદ તેનો કાટમાળ પડવાથી ગેસ ફિલ્ડમાં આગ લાગી હતી, જેના કારણે સત્તાવાળાઓએ તે ફિલ્ડ બંધ કરવાની ફરજ પડી હતી. બીજી તરફ, સામાજિક કાર્યકર્તાઓએ તેહરાન અને મધ્ય ઈરાનના ઈસ્ફાહાન શહેરમાં હુમલા થયા હોવાનું જણાવ્યું છે, જો કે ત્યાં કયા સ્થળોને નુકસાન થયું છે તે હજુ સ્પષ્ટ નથી. એક દિવસ પહેલા, ઈરાને એવો આરોપ પણ લગાવ્યો હતો કે અમેરિકાએ તેના એક નિર્માણાધીન મુખ્ય પુલ પર હુમલો કર્યો હતો, જેમાં આઠ લોકોનાં મોત થયા છે.

### પાયલોટને શોધી...

**અમેરિકન પાયલોટને શોધી કાઢશે, તેને ૧૦ અબજ તોમાન (લગભગ ૬૦,૦૦૦ ડોલર) ના અધિકારીઓ ઈનામની ઓફર કરી રહ્યા છે. ઈરાની ચેનલના એન્કરે રહેવાસીઓને કોઈપણ દુશ્મન પાઈલટને પોલીસને સોંપવા વિનંતી કરી અને જે કોઈ આવું કરશે તેને ઈનામ આપવાનું વચન આપ્યું હતું. આ ચેનલ કોહકિલુયેહ અને બોયર-અહમદ પ્રાંતમાં છે, જે એક અત્યંત ગ્રામીણ અને પહાડી પ્રદેશ છે જે 15,500 ચોરસ કિલોમીટર (5,900 ચોરસ માઇલ) કરતા વધુ વિસ્તારમાં ફેલાયેલો છે. અગાઉ ઓન-સ્ક્રીન પટ્ટી પર જનતાને વિનંતી કરવામાં આવી હતી કે જો તમે તેમને જુઓ તો ગોળી મારી દો.**